# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)**

**Website : www.spuvvn.edu**


એકેડેમીક વિભાગ

## પરીપત્ર

આથી સંબંધકર્તા સર્વે વિદ્યાર્થીઓ અને સંબંધકર્તા વિભાગ/કોલેજને જણાવવાનું કે વિવિધ કોલેજો તથા વિભાગો દ્વારા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ બાબતે કરેલ રજૂઆતોના અનુસંધાનમાં તારીખઃ૧૮/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ મધ્યસ્થ પ્રવેશ સમિતી દ્વારા ચર્ચા-વિચારણાના અંતે કરેલ ભલામણ મુજબ પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

૧. સ્નાતક અભ્યાસક્રમોમાં માટે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરવી તથા કોલેજો દ્વારા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ માટે ડી/બી/૨૧-૨૨/૩૨૬૦, તા.૨૭/૦૯/૨૦૨૧ના પત્ર ક્રમાંક મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૨. અનુસ્નાતક અભ્યાસક્રમોમાં <u>M.Sc. (Chemistry) સિવાય</u> પ્રવેશ પ્રક્રિયાનો અંતિમ ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૯/૧૦/૨૦૨૧<br>થી<br>૨૩/૧૦/૨૦૨૧ | ૧. અંતિમ ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર **તા. ૧૯/૧૦/૨૦૨૧ સવારે ૧૨.૦૦ કલાકથી તા. ૨૩/૧૦/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક** સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.<br>૩. વિદ્યાર્થીએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે વિભાગ/ કોલેજમાં Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે. |
| ૨૫/૧૦/૨૦૨૧ | ૧. વિભાગ/કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં વિભાગ/કોલેજ દ્વારા વિદ્યાર્થીના ફોર્મ તથા તમામ દસ્તાવેજોની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિક્કા કરી ફી ભરાવ્યા બાદ વિભાગ/કોલેજના પોર્ટલ પર વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ **તા. ૨૫/૧૦/૨૦૨૧ સાંજના ૫.૦૦ કલાક** સુધી કરવાનો રહેશે, અને વિદ્યાર્થીઓના ફોર્મ તમામ બિડાણો સહિત વિભાગ/કોલેજમાં બે વર્ષ માટે જાળવણી કરવાની રહેશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની વિભાગ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે વિભાગ /કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી પ્રવેશ ફોર્મ ઉપર ભલામણ કરી વડાશ્રી/આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી જુના વિભાગ/કોલેજમાંથી પ્રવશ રદ કરાવવામાં આવશે અને જો વિદ્યાથી અન્ય વિભાગ /કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો જે તે વિભાગ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રીના પ્રવેશ ફોર્મ ઉપર ભલામણ કરી વડાશ્રી/આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી યુનિવર્સિટીમાં **તારીખઃ ૨૫/૧૦/૨૦૨૧ બપોરના ૨.૦૦** કલાક સુધી અરજી આપવાની રહેશે. |

3. M.Sc. (Chemistry) અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો અંતિમ ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૯/૧૦/૨૦૨૧<br>થી<br>૨૨/૧૦/૨૦૨૧ | ૧. અંતિમ ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર **તા. ૧૯/૧૦/૨૦૨૧ સવારે ૧૨.૦૦ કલાકથી તા. ૨૨/૧૦/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક** સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી. |

ચાલુ...

| | |
|---|---|
| ૨૪/૧૦/૨૦૨૧ | ૧. જે વિદ્યાર્થીઓએ તા. ૧૯/૧૦/૨૦૨૧ સવારે ૧૨.૦૦ કલાકથી તા. ૨૨/૧૦/૨૦૨૧ દરમ્યાન પ્રવેશ ફોર્મ ભરલે હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત તા. ૨૪/૧૦/૨૦૨૧ના રોજ Entrance test આપવાની રહેશે.<br>૨. જે વિદ્યાર્થીઓએ અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ ફોર્મ ભરેલ હોય તથા Entrance test આપવાનો બાકી હોય તેમણે પણ ફરજીયાત તા. ૨૪/૧૦/૨૦૨૧ના રોજ Entrance test આપવાની રહેશે. |
| ૨૫/૧૦/૨૦૨૧ થી ૨૭/૧૦/૨૦૨૧ | ૧. વિભાગ/કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં વિભાગ/કોલેજ દ્વારા વિદ્યાર્થીના ફોર્મ તથા તમામ દસ્તાવેજોની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિક્કા કરી ફી ભરાવ્યા બાદ વિભાગ/કોલેજના પોર્ટલ પર વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ તા. **૨૭/૧૦/૨૦૨૧ સાંજના ૫.૦૦ કલાક** સુધી કરવાનો રહેશે, અને વિદ્યાર્થીઓના ફોર્મ તમામ બિડાણો સહિત વિભાગ/કોલેજમાં બે વર્ષ માટે જાળવણી કરવાની રહેશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની વિભાગ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે વિભાગ/કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી પ્રવેશ ફોર્મ ઉપર ભલામણ કરી વડાશ્રી/આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી જુના વિભાગ/કોલેજમાંથી પ્રવશ રદ કરાવવામાં આવશે અને જો વિદ્યાથી અન્ય વિભાગ /કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો જે તે વિભાગ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રીના પ્રવેશ ફોર્મ ઉપર ભલામણ કરી વડાશ્રી/આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી યુનિવર્સિટીમાં **તારીખઃ ૨૭/૧૦/૨૦૨૧ બપોરના ૨.૦૦ કલાક** સુધી અરજી આપવાની રહેશે. |

**૪. અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન બાબત.**

અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ફોર્મ નીચે જણાવેલ તારીખો મુજબ ઓનલાઈન (https://spuportal.in/SPLogin.aspx)માં ભરવાની જવાબદારી જે તે કોલેજ/વિભાગની રહેશે.

| નં. | વિગત | વિદ્યાર્થી દીઠ ફી | વિદ્યાર્થી દીઠ ફી લેઈટ ફી (કોડ.નં. ૪૦૦૦૧) | ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ | હાર્ડ કોપી જમા કરાવવાની તારીખ | લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧. | રજીસ્ટ્રેશન | ૫૦૦/- | ૧૦૦/- | ૧૯/૧૦/૨૦૨૧ થી ૨૭/૧૦/૨૦૨૧ | ૨૮/૧૦/૨૦૨૧ થી 30/૧૦/૨૦૨૧ | ૦૧/૧૧/૨૦૨૧ થી ૦૨/૧૧/૨૦૨૧ |
| ૨ | FEC (ફાઈનલ એલીજીબીલીટી સર્ટિ.) | --- | ૧૦૦૦/- | | માઈગ્રેશન ૧૮/૧૧/૨૦૨૧ | ૨૦/૧૧/૨૦૨૧ |

નોંધ : પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/૩૮૦૪
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૧૯/૧૦/૨૦૨૧

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના :

૧. મધ્યસ્થ પ્રવેશ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. વડાશ્રી/આચાર્યશ્રી, અનુસ્નાતક અભ્યાસક્રમ ચલવાતા વિભાગો/કોલેજો તરફ જાણ સારૂ.
3. આચાર્યશ્રી, સ્નાતક અભ્યાસક્રમો ચલવાતા કોલેજો તરફ જાણ સારૂ.
૪. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ ઉપરોકત તારીખો દરમ્યાનની કાર્યવાહી કરવા સારૂ.